# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **રાજ્ય સરકારે સ્પેસ ટેક્નોલૉજી ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાત સ્પેસ-ટેક પોલિસી જાહેર કરી**
2. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યમાં વેપાર ઉદ્યોગની સરળતા માટેનાં નિર્ણયો લેવા સરકાર હંમેશા તૈયાર છે.**
3. **ઉત્તરવાહિની નર્મદા પરિક્રમામાં રજાના દિવસોમાં ભીડને નિયંત્રિત કરવા પરિક્રમાવાસીઓની સુવિધામાં વધારો કરાયો**
4. **ગોધરા-વડોદરા હાઇ-વે પર ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માતમાં ત્રણ દિકરી અને પિતા સહિત ચારનાં મૃત્યુ**
5. **આગામી બે દિવસ રાજ્યમાં મહતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી**

-------------------------------------

સમાચારને અંતે

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SPACE TECH POLICY

રાજ્ય સરકારે આજે સ્પેસ ટેક્નોલૉજી ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાત સ્પેસટેક પોલિસી 2025-2030 જાહેર કરી છે. આ પોલિસી અંતર્ગત IN-SPACE, ઇસરો અને અવકાશ વિભાગ સાથે ભાગીદારી કરીને રાજ્યમાં અવકાશ ક્ષેત્રમાં ઉદ્યોગોને વિકસાવવામાં આવશે.

રાજ્ય સરકાર આ વ્યૂહાત્મક ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે અવકાશ ટેક્નોલૉજીમાં એક સેન્ટર ફોર એક્સલન્સ સ્થાપવાની પણ યોજના ધરાવે છે.

આ પહેલથી રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકો રાજ્યમાં અવકાશ ક્ષેત્રમાં ઉત્પાદન અને સંચાલન કરી શકશે. રાજ્ય સરકાર એક સ્પેસ મેન્યુફેક્ચરિંગ પાર્કના નિર્માણ માટે INSPACE, અવકાશ વિભાગ (ભારત સરકાર) સાથે મળીને કામ કરશે.

. . . . . . . . . . . .

# CREDAI NEW OFFICE BEARERS

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યમાં વેપાર ઉદ્યોગની સરળતા માટેનાં નિર્ણય લેવા સરકાર હંમેશા તૈયાર હોય છે. આજે ગાંધીનગરમાં કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા-ક્રેડાઇનાં એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રિયલ એસ્ટેટ ક્ષેત્રની સમસ્યાઓ ઘટાડવા સરકાર તૈયાર છે. તેમણે જણાવ્યું કે

શ્રમિક વર્ગનાં લોકો માટે સસ્તા ભાડાંનાં મકાન અને મધ્યમવર્ગ માટે કિફાયતી દરે રહેણાંક એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા રહી છે.

(BYTE- BHUPENDRA PATEL)

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્યના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ એક પત્રકાર પરિષદમાં ક્રેડાઇનાં નવનિયુક્ત પ્રમુખ શેખર પટેલે જણાવ્યું કે, રાજ્યમાં જૂની જંત્રી મુજબ જ પ્રીમિયમ લેવાય તેવી રજૂઆત ક્રેડાઇ તરફથી કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, રિયલ એસ્ટે પ્રોજેક્ટની સમયમર્યાદા ટૂંકાવવામાં આવશે, જેનાથી ગ્રાહકોને પણ ફાયદો થશે. તેમણે જણાવ્યું કે, રેરામાં નોંધાયેલા પ્રોજેક્ટનો ડેટા એકત્રિત કરવામાં આવશે અને નેશનલ ડેટા સેન્ટર બનાવવામાં આવશે.

. . . . . . . . . . . .

# C R PATIL FLYOVER BRIDGE

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલે આજે સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના બુડિયાગામથી પસાર થતા નેશનલ હાઈવે નંબર 53 પર 40 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્મિત બે ફ્લાય ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું.

આ બ્રિજનું નિર્માણ થતા સ્થાનિક ગ્રામજનોની સાથે હજીરાની કંપનીઓ અને સચિન-પાંડેસરા જીઆઈડીસીમાં અવરજવર કરતા હજારો વાહનચાલકોને મોટી રાહત થશે.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ વધુમાં આ મુજબ જણાવ્યુઃ

**(BYTE - C R PATIL)**

. . . . . . . . . . . .

# UTTARVAHINI--PARIKRAMA

ઉત્તરવાહિની નર્મદા પરિક્રમામાં રજાના દિવસોમાં ભીડને નિયંત્રિત કરવા પરિક્રમાવાસીઓની સુવિધા વધારવામાં આવી છે. ૨૭મી એપ્રિલ સુધી ચાલનારી પરિક્રમા પૂર્ણ થવાને હજી ૧૦ દિવસ બાકી છે ત્યારે ગત શનિ-રવિવારની રજામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં હવે ભીડને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે.

હાલમાં ૭૦ જેટલી બોટની સુવિધા કરવામાં આવી છે. રેંગણ ઘાટ પર જેટીમાં વધારો કરી હાલમાં ૨૫ જેટલી કરાઈ છે. નાવડીમાં પરિક્રમાર્થીઓને નવા લાઈફ જેકેટ આપવામાં આવે છે.

. . . . . . . . . . . .

# HERITAGE WALK

આજે રાજ્યભરમાં વિશ્વ વારસા દિવસની ઉજવણી કરવામાં આવી. જામનગરના ઐતિહાસિક સ્થળોની મુલાકાત અને તે અંગે માહિતી આપવા માટે હેરિટેજ વોક વીથ કવીઝનું વિના મૂલ્યે આયોજન કરવામાં આવ્યું હતું. આ હેરિટેજ વોકમાં ભુજીયા કોઠાથી શરૂ કરીને દરબારગઢ સુધીનાં અનેક સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા, જેમાં પુરાતત્વ પ્રેમીઓ જોડાયા હતા.

ભાવનગરમાં વિશિષ્ટ સાઇકલ રાઇડનું આયોજન કરવામાં આવ્યું હતું,. જેમાં કુલ 12 ઐતિહાસિક સ્થળોની સાઇકલ દ્વારા મુલાકાત કરવામાં

આવી હતી. આ સાયકલ રાઇડનું આયોજન ભાવનગર હેરિટેઝ, ઈનટેક ભાવનગર તેમજ ભાવનગર સાયકલ ક્લબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાયકલ રાઇડમાં કુલ 60 સાઈકલસવાર જોડાયા હતા.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# PANCHMAHAL-ACCIDENT

પંચમહાલ જિલ્લામાં આજે સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યોના કરૂણ મોત નીપજ્યા છે. ઘોઘંબા તાલુકાના બોર ગામનો પરિવાર લગ્ન પ્રસંગમાંથી બાઇક પર પરત ફરી રહ્યો હતો. ત્યારે ગોધરા વડોદરા હાઇવે પર એક ટ્રકની અડફેટે આવતા બાઈક સવાર પિતા અને ત્રણ દીકરીઓના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. અને એક દીકરીનો બચાવ થયો હતો.

ટ્રક ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે.

. . . . . . . . . . . .

# Zombie e-Cigarette CASE - Navsari

રાજ્યમાં પહેલો ગાંજાયુક્ત ઝોમ્બી ઈ સિગરેટનો કેસ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ચાપલધરા ગામે નોંધાયો છે. સ્ટેટ મોનિટરીંગ સેલે 20 લાખ રૂપિયાનાં મૂલ્યની ઝોમ્બી ઈ સિગરેટ અને 8 લાખ રૂપિયાનો ગાંજો જપ્ત કરીને બે આરોપીઓની ધરપકડ કરીને તેમની સામે NDPS એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરી છે.

. . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસમાં મહતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની અને પછીનાં બે દિવસમાં બે થી ત્રણ ડીગ્રીનો વધારો થવાની આગાહી કરી છે.

19થી 21 એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉતર ગુજરાતમાં 20 થી 30 કિલોમીટરની ઝડપે ધૂળિયા પવન ફૂંકાવાની શક્યતાઓ છે, જેને પગલે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સમુદ્ર કિનારા પર ગરમ અને ભેજવાળું વાતાવરણ જોવા મળશે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં મહતમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. છેલ્લા 24 કલાકમાં સુરેન્દ્રનગરમાં 43.3 ડિગ્રી, રાજકોટમાં 42.9 ડિગ્રી, અમરેલીમાં 42.5 ડિગ્રી, અમદાવાદમાં 41.9 અને ગાંધીનગરમાં 41 ડિગ્રી, ડિસામાં 40.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ અંગે વધુ માહિતી આપે છે હવામાન વિભાગના નિયામક એ.કે.દાસ...

(બાઇટ- એ.ક.દાસ)

.

. . . . . . . . . . . .

# SURENDRANAGAR HEATWAVE

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી ગરમીનો પારો વધી રહ્યો છે. આ વિસ્તાર રણકાંઠામાં આવેલો હોવાથી વધુ ગરમી પડે છે, અને સીઝનમાં 45 ડિગ્રી સુધી તાપમાન પહોંચી જાય છે, ત્યારે જીલ્લાનાં આરોગ્ય વિભાગ દ્વારા લોકોને ગરમીથી બચવા કેટલાંક દિશાનિર્દેશ આપવામાં આવ્યા છે.

આ અંગે સુરેન્દ્રનગરના અધિક કલેક્ટર એ કે ઓઝાએ વધુ માહિતી આપીઃ

(BYTE – A.K.OZA, COLLECTOR, SURENDRANAGAR)

. . . . . . . . . . . .

# P K LAHERI – BOOK LAUNCH

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય સચિવ, અને સાહિત્યકાર- કટારલેખક પ્રવીણ કે. લહેરીના ૮૦મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદમાં અભિવાદન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી લહેરીનાં ત્રણ પુસ્તકો – 'ગૌરવ ગુજરાતનું'; 'અંતરંગ', અને 'સાંપ્રત' સમયનો પડકારનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સ્વામી પરમાત્માનંદ સરસ્વતી તથા અતિથિ વિશેષ તરીકે BAPS સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત બ્રહ્મવિહારીદાસ અને રાજકોટ રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .